## બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં
## શિક્ષણસહાયક અને સાથીસહાયકની ભરતી કરવા અંગે

કમિશનરશ્રી, મ.ભો. અને શાળાઓની કચેરી, ક્રમાંક : 19998
ડૉ. જી. મ. ભવન, ગાંધીનગર, તા. 29-10-2002

પ્રતિ,
અધિક સચિવશ્રી,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

**સંદર્ભ :** *(1) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : બમશ/1199/741/(2)-ગ, તા. 2-7-'99.*
*(2) શિક્ષણ વિભાગનો પત્રાંક : બમશ/1199/59/2000-ગ, તા. 17-1-2000.*

**વિષય :** બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણસહાયક, વહીવટીસહાયક અને સાથીસહાયકની ભરતી કરવા બાબત.

મહોદય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે, સંદર્ભ-1 માં દર્શાવેલ શિક્ષણ વિભાગના ઠરાવથી ઠરાવની તારીખથી બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણસહાયક, વહીવટીસહાયક અને સાથીસહાયકની નિમણૂક કરવાનું અને નવી નિમણૂક મેળવનારને પાંચ વર્ષની મુદત પૂરી થયા બાદ છઠ્ઠા વર્ષથી મળવાપાત્ર પગારધોરણમાં ગણવાના આદેશ થયેલ છે. આ બાબતે વિશેષ સ્પષ્ટતા સંદર્ભ-2ના પત્રથી કરવામાં આવેલ છે.

ઉક્ત ઠરાવની જોગવાઈ મુજબ આવી સહાયકની નિમણૂક પામેલ કર્મચારીને જે તે શાળામાં પાંચ વર્ષની નોકરી કરવાની રહે. કોઈ કિસ્સામાં એક કર્મચારી સહાયકની જગ્યા પર એક શાળામાં નિમણૂક પામ્યા બાદ પાંચ વર્ષના ગાળા દરમિયાન અન્ય શાળામાં તેજ સંવર્ગની સહાયકની જગ્યા પર પસંદગી પામે તો તેનો પ્રથમ શાળામાં કરેલ સહાયકની નોકરીના વર્ષોને ધ્યાને લઈ અન્ય શાળાઓમાં સહાયકનાં વર્ષોની ગણતરી કરી કુલ પાંચ વર્ષનો સહાયક તરીકેનો સમયગાળો ગણી પાંચ વર્ષના અંતે મળવાપાત્ર પગારધોરણમાં શરૂઆતના તબક્કે મળવાપાત્ર તમામ લાભો આપવામાં આવશે તેવી ભલામણ કરવામાં આવે છે. દા.ત., નિયમ અનુસાર એક શાળામાં ભરતી પામેલ સહાયક ત્રણ વર્ષની નોકરી કર્યા બાદ અન્ય શાળામાં સહાયક તરીકે જોડાય તો તેનો અગાઉનો અનુભવ ધ્યાને લેતા નવી જોડાયેલ શાળામાં બે વર્ષની નોકરી બાદ ત્રીજા વર્ષથી મળવાપાત્ર પગારધોરણ અને અન્ય લાભો મળવાપાત્ર થાય. શિક્ષણસહાયક, વહીવટીસહાયક અને સાથીસહાયક તમામની બાબતમાં એકસરખી ભલામણ છે. તો ઉક્ત બાબતે સરકારશ્રીના ઘટતા આદેશો મેળવી આપવા વિનંતી છે.

સહી, સત્તાધિકારી
કમિશનર, મ.ભો. અને શાળાઓની કચેરી, ગાંધીનગર